Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-22 |January – March 2016

કાલિદાસ રચિત વિક્રમોવર્શીયમ નાટકમાં નિરૂપિત અતિપ્રાકૃત(દિવ્ય)તત્વોનો ઉલ્લેખ

પ્રસ્તાવના:-

સાહિત્ય એ સામાન્ય રીતે જોવામાં આવે તો વિવિધ પ્રકૃતિની પૃષ્ઠભૂમિમાં વિકસિત બની અને પરિપૂર્ણ થાય છે. એમાં પણ જો કાલિદાસના નાટકો તરફ જોવામાં આવે તો હંમેશા માટે તે પ્રકૃતિ અને અતિપ્રાકૃત અર્થાત દિવ્યશક્તિથી ખૂબ જ ભરેલા હોય છે. કાલિદાસના મંતવ્ય અનુસાર બ્રહ્માંડની બધી જ બાબતો નાટયક્ષમ છે. વિક્રમોવર્શીયમ નાટકમાં પણ પ્રારંભથી લઇ અને અંત સુધીમાં વિવિધ અતિપ્રાકૃત (દિવ્યતત્વો) વાતાવરણમાં ભળી રહ્યા છે. અને આમ પણ વિક્રમોવર્શીયમ નાટકની નાયિકા દિવ્યાંગના છે. તેથી અતિપ્રાકૃત (દિવ્યતત્વો) વિક્રમોવર્શીયમ નાટકમાં હદ વટાવી જાય છે. એ હકીકત સાચી લાગે છે. સામાન્ય રેતે જોવામાં આવે તો સામાન્ય બુધ્ધીની સમજમાં ન ઉતરે તેને અતિપ્રાકૃતકે દેવી તત્વ કહેવામાં આવે છે. આને લીધે કૃતિમાં ચમત્કૃતિ આવે છે. અને આપણને અદભૂત રસ જોવા મળે છે. કાલિદાસે પોતાના નાટકોમાં દેવીતત્વનો અનેક જ્ગ્યાએ પ્રયોગ કર્યો છે. વિક્રમોવર્શીયમ નાટકનું કથાવસ્તું પણ દિવ્ય અને માનુષ તત્વો થી ભરેલું છે.

વિક્રમોવર્શીયમ નાટકમાં જોવા મળતા અતિપ્રાકૃત (દિવ્ય) તત્વો :-

- પ્રથમ અંકની મુખ્ય ઘટનામાં જ દિવ્ય વાતાવરણ જોવા મળે છે.

  જેમકે. परित्रायता परित्रायतां य: सुरपक्षपाती यस्य: बाम्बरतले गतिरस्ति। [1]

  અર્થાત અપ્સરાઓ રક્ષણ માટે એવા પુરૂષને બોલાવે છે. કે જે દેવોનો પક્ષપાતી હોય અને જેની ગતિ અંતસ્તલમાં હોય. આના દ્વારા જાણવા મળે છે કે આ પ્રદેશ ધરતીથી કાંઇ દૂર હોવાનો સંદેશો આપે છે. અને આ જ દ્વારા કવિ કાલિદાસ વિક્રમોવર્શીયમ નાટકના પ્રારંભે નાયક-નાયિકાનું મિલન આવા દિવ્ય-પ્રદેશમાં થાય છે.

- પ્રથમ અંકમાં ઉર્વશી ના પરિચયમાં દિવ્ય-તત્વોનો ઉલ્લેખ

सुकुमारं प्रहरणं महेन्द्रस्य ।
प्रत्यादेशो रुपगर्विताया: श्रिय़: अलंकार स्वर्गस्य़ ।[2]

અર્થાત ઇંદ્રનું જે સુકુમાર અસ્ત્ર છે. જે રૂપગર્વિતા લક્ષ્મીના તિરસ્કારૂપ છે. જે સ્વર્ગનો અલંકાર છે. અપ્સરાઓએ ઉર્વશીને માટે વપરાયેલા વિશેષણો સ્વર્ગની સ્ત્રીનું વર્ણન કરે છે.

આ ઉપરાંત પુરૂરવાને "सोमदेकान्तर" પણ કહીને તેનો દિવ્ય સબંધ સ્પષ્ટ કર્યો છે. આમ આ રીતે જોવામાં આવે તો કાલિદાસે પુરૂરવા અને ઉર્વશીના માટે વાપરેલા વિશેષણો દિવ્ય અને અપ્રાકૃત તત્વોથી ભરેલ જોવા મળે છે.

- પ્રથમ અંકમાં જ ચિત્રરથના આકાશમાં આગમન વખતે પણ કાલિદાસ અતિપ્રાકૃત તત્વોનો ઉમેરો કરે છે.
  "द्रिष्टया महेन्द्रोपकारपर्याप्तेन विक्रममहिम्ना वर्धते भवान ।"[3]

  અર્થાત, ઇન્દ્રના ઉપકાર માટે સમર્થ એવા તમારા પરાક્રમના મહિમા માટે તમને અભિનંદન !

- બીજા અંકમાં ભૂજપત્રના નિર્માણ વખતે પણ અતિપ્રાકૃત તત્વોનું ઉતમ ઉદાહરણ મળે છે.
  भूर्जपत्रगतोडयमक्षर्विन्यास: ।[4]

  આ અંકમાં રાજા પુરૂરવા ઉર્વશીના વિયોગની વેદના વ્યકત કરી રહ્યો છે. અને તે ઉર્વશી પ્રત્યે વધુ પ્રેમથી વેદના અનુભવે છે. જ્યારે ઉર્વશી તેના પ્રત્યે વિયોગ વેદના સમજતી નથી. ત્યારે ઉર્વશી પોતે પણ તેના પ્રત્યે પ્રેમપીડિત છે. તે બતાવવા માટે શંકાના પ્રત્યુતર માટે તે દિવ્યશક્તિથી ભૂર્જપત્રનું સર્જન કરે છે. અને તેના ઉપર પ્રેમપત્ર લખીને રાજા તરફ ફેંકે છે. આમ આ પ્રસંગ પરથી ઉર્વશીની દિવ્યતા તથા દિવ્યશક્તિનો ખ્યાલ આવે છે. આમ વિક્રમોવર્શીયમ નાતકામાં અતિપ્રાકૃત તત્વોની બહુલતા જોવા મળે છે.

  वृक्ष की छाल कागज के सद्दश उखड़ती है, जिसे 'भोजपत्र' कहते हैं। एक समय भारत में भोजपत्र पर ही पुस्तकें लिखी जाती थी। भोजपत्र सामान्य कागज से अधिक टिकाऊ समझा जाता है। आज भी भोजपत्र पर तांत्रिक मंत्र और कवचादि लिखे जाते हैं। ऐसे मंत्र और कवच जल्द फलदेनेवाले समझे जाते हैं। पेड़ की भीतरी छाल से जो भोजपत्र प्राप्त होता है। वह लिखने के लिये अच्छा समझा जाता है। कुछ विशिष्ट धार्मिक अवसरों पर लोग इसका वस्त्र भी धारण करते हैं। भूर्ज के पेड़ कई प्रकार के होते हैं।[5]

- ચોથા અંકમાં ઉર્વશી મેઘનું વિમાન બનાવી તેના ઉપર પૂરૂરવા સાથે ઉડ્ડયન કરે છે. એ પણ દિવ્ય-તત્વ જોવા મળે છે.

  अचिरप्रभाविलसितैः पताकिना

  सुरकार्मुकाभिनवचित्रशोभिना।

  गमितेन खेलगमने विमानतां

  नय मां नवेन वसतिं पयोमुचा॥ (विक्रमोवर्शीयम- अंक -4 श्लोक़ -43)

  અર્થાત, વિધુતના ઝબકારારૂપી ધજાવાળા તથા મેઘધનુષ્યરૂપી નૂતન ચિત્રોથી શોભિત એવા વિમાનમાં ફેરવાયેલા નૂતન વાદળ દ્વારા ,હે રંગીલી ચાલવાળી,મને ઘેર લઇ જા.

  આમ અહિ ઉર્વશી દ્વારા મેઘને વિમાન બનાવી પૂરૂરવા અને ઉર્વશીનું પ્રણય વર્ણનમાં આપણને અપ્રાકૃત તત્વોનો ઉલ્લેખ જોવા મળે છે.

- ચોથા અંકમાં અંતમાં સંગમનીય મણિની ઉત્પતિ પણ દિવ્યતા બતાવે છે.

  अहो संगमनीयः । अतः खलु महाराजेनालिग्डितमात्रओव प्रकृतिस्थास्म्मि संवृता ।

  ઉર્વશી કહે છે. કે સંગમનીય મણિ છે. તેથી જ તો મહારાજે આલિંગન કરતાંની સાથે જ હું મૂળ સ્વરૂપને પામી. Enunch inviting Pururava to Mani Mahalaya (**मणिमहालय**([6]

  આમ અહિ કુમારવનની શાપીત અસર આ મણિથી દૂર થાય છે. સ્ત્રીને આપેલો શાપ પાર્વતીના ચરણમાંથી ઉત્પન્ન થયેલ મણિ જ દૂર કરે છે. સ્ત્રી તરફ ઉત્પન્ન થ્યેલ કાર્તિકેયની નફરત પાર્વતી દ્વારા નિવારાય છે. સંગમનીય મણિ એ પુરૂરવા અને ઉર્વશીના મિલનમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. આ મણિની પ્રાપ્તિથી નાટકામાં અતિપ્રાકૃત તત્વોનો ઉમેરો થાય છે. અભિજ્ઞાનશાંકુતલમાં જેમ વીંટીં મિલનમાં ઉપીયોગી થાય છે. તેમ અહિ વિક્રમોવર્શીયમમાં સંગમનીય મણિ મિલનમાં ઉપીયોગી થાય છે.

- આ ઉપરાંત બીજા અંકમાં જયારે ઉર્વશી અભિસાર કરે છે ત્યારે અપરાજિતા તથા શિખાબંધન વિધાનો ઉપીયોગ કરે છે. આ સાથે તિરસ્કારીણીનો ઉલ્લેખ પણ કરવો જોઇએ. આમ ઉર્વશી અદશ્ય બની શકે છે અને તેમ રહી પણ શકે છે. વળી દિવ્યશક્તિ વળે તે પૂરૂરવાના પ્રણયની ખાતરી કરી શકે છે. અને ઓશિનરીનો પ્રભાવ પણ જાણી શકે છે. આમ આ બીજા અંકની ઘટના દ્વારા અતિપ્રાકૃત એવી શક્તિઓનો વધુ પડતો પ્રભાવ જોવા મળે છે.

- ઉર્વશી વેલી બની જાય છે.અને પાછી અંકના અંતે રાજાના આક્ષ્લેષમાં ઉર્વશીરૂપે હોય છે. એ પણ દિવ્યતા જ છે.
- આ ઉપરાંત ઇન્દ્રનો સંદેશો, નારદનુ આગમન (અંક-5) અને આયુસનો અભિષેક આ બધામાં દિવ્યતાના દર્શન જોવા મળે છે.
- વિક્રમોવર્શીયમ નાટકમાં પુરૂરવાનું રથમાં પરિભ્રમણ,આકાશમાં વીજળીના ઝબકારાની જેમ ચિત્રરર્થ નો પ્રવેશ, અપ્સરાઓનું આકાશમાં વિહરવું ઉર્વશીનું લતામાં ફેરવાઇ જ્વું. અને પરત સંગમનીય મણિની મદદથી લતાનું ઉર્વશીમાં પરિવર્તિત પામવું તિરસ્કારિણિ વિધાથી અદશય રહેવું. તેમજ ઉર્વશીનું ક્ષણવારમાં ભૂજપત્રનું સર્જન કરવું વગેરે સમયે અતિપ્રાકૃત (દિવ્યતત્વ)નો પ્રભાવ જોવા મળે છે.

આમ આ નાટકમાં પ્રારંભથી લઇ અને અંત સુધી અતિપ્રાકૃત તત્વોનો કાલિદાસે ખૂબ જ સ્થાને મુકયા છે. તત્કાલિન સમાજની આ બાબતો માન્યાતાને લીધે જ તેને સાહિત્યમાં સ્થાન મળી શકે. પરંતુ વિક્રમોવર્શીયમ માટે વિચારીએ તો કહી શકાય કે આ દિવ્યતત્વ આ નાટકનો દૂર ન કરાય તેવો ભાગ છે.

સંદર્ભગ્રંથો

1. વિક્રમોવર્શીયમ અંક-1 યુનિવર્સિટિ ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ. (પૃ-૫૫)
2. વિક્રમોવર્શીયમ અંક-1 યુનિવર્સિટિ ગ્રંથ નિર્માણ બોર્ડ ,અમદાવાદ.(પૃ-૫૬)
3. વિક્રમોવર્શીયમ અંક-1 સરસ્વતી પ્રકાશન,અમદાવાદ.(પૃ-૧૩)
4. Patel, G. (2014). [in Gujarati] Vikramorvashiyamnu Mool ane Kavini Maulikata. Chapter-25, Part-2: Vikramorvashiyam in 'Mahakavi Kalidasvirachitam Malavikagnimitram, Vikramorvashiyam', Vol. 3
5. https://en.wikipedia.org/wiki/Betula_utilis
6. Pandit, P. S. (1879). The Vikramorvashiyam: A Drama in Five Acts by Kalidasa (Ed.) The Department of Public Instruction, Govt. Central Book Depot, Bombay.

****

Sunilkumar H. Prajapati
Assistant Professor
Govt.Mahila Arts College,
Uchchhal Di-Tapi

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat